RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 326, Dt.09-03-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અરૂણાચલમાં બનેલી સેલા ટનલથી ચીની ડ્રેગન ગભરાયું!




## વિશ્વની સૌથી ઉંચી ૧૩૦૦૦ ફૂટ પર નિર્મિત ડબલ લેન સુરંગ ખુલ્લી મુકતા વડાપ્રધાન મોદીઃ બે તબકકાની આ ટનલ દરેક મોસમમાં ઉપયોગીઃ કુલ ૧૧ કિ.મી.ની ટનલ પ્રોજેકટનો શિલાન્યાસ પણ વડાપ્રધાને કર્યો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે આસામ બાદ અરૂણાચલના પ્રવાસે છે અને તેઓએ આજે લશ્કરી સહિતના વ્યુહાત્મક દ્રષ્ટિએ મહત્વની દુનિયાની સૌથી ઉંચા ૧૩ હજાર ફુટ પર નિર્માણ કરાયેલી સૌથી લાંબી સુરંગને ખુલ્લી મુકી હતી. ડબલ લેન વાળી આ સુરંગ તમામ મોસમમાં કામ કરશે અને અરૂણાચલ પ્રદેશના પશ્ચિમ કામિંગ અને તવાંગ જીલ્લાને જોડશે. આ ટનલને ભારતીય સેના માટે ખુબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. કારણકે આ ટનલ ચીન સરહદ પર સેનાની અવર-જવરને સરળ બનાવશે. ચીન સાથેની સરહદ પર વાસ્તવિક અંકુશ રેખા પર આ સુરંગના નિર્માણથી હવે સૈન્ય સહિતની હેરફેર વધુ ઝડપી બનશે. ભારતીય સેના હાલ જે માર્ગનો ઉપયોગ કરે છે ત્યાં હિમવર્ષા સમયે આ માર્ગ બંધ થઈ જાય છે અને આવાગમન સંપૂર્ણ રોકાઈ જાય છે. સેલા ટનલની લંબાઈ ૧૧.૮૪ કી.મી. છે અને તેમાં ટનલ તેમજ સડકનો પણ સમાવેશ થાય છે. ટનલ નં.૧ કી.મી. લાંબી છે.


ત્યારબાદ ૧.૨ કી.મી.નો માર્ગ અને ટનલ નં.૨ ૧.૫ કી.મી. લાંબી છે. ૧૩૫૦૦ ફુટની ઉંચાઈએ આ બે ટનલ આવેલી છે અને તે ડબલ લાઈન છે. ઉપરાંત મુખ્ય સુરંગની સાથે એક વધારાની સુરંગ પણ નિર્માણ થઈ છે જે કટોકટીના સમયે ઉપયોગમાં લઈ શકાશે અને આ ટનલના કારણે બે ક્ષેત્ર વચ્ચેનું અંતર છ કી.મી. ઘટશે અને દોઢ કલાકનો સમય બચશે. તવાંગ સેકટર કે જે ચીન સાથેની સરહદ ધરાવે છે ત્યાં પહોંચવા માટે આ સુરંગ અત્યંત મહત્વની બની રહેશે.''

# સોમવારથી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભઃ ૧૬ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૧૧ને સોમવારથી રાજકોટ સહિત રાજયભરમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થનાર હોય વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભાવીનીઓ કસોટી શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજકોટ શહેર-જિલ્લાના ૮૦૫૧૦ સહિત રાજયમાં ૧૫.૩૮ લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસનાર છે. જેમાં સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૩.૬૯૮૧૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

રાજયમાં ધો.૧૦ના ૯.૧૭ લાખ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧.૩૨ લાખ અને સામાન્ય પ્રવાહના ૪.૮૯



લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસનાર છે.જે માટે ૫૩૭૮ બિલ્ડીંગના ૫૪૨૯૪ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.પરીક્ષા સંદર્ભે રાજયના તમામ જિલ્લા મથકો પર છે આવતીકાલ તા.૧૦ને રવિવારથી કંટ્રોલરૂમ પણ ધમધમવા લાગશે.જેમાં રાજકોટમાં કરણસિંહજી હાઈસ્કૂલ ખાતે કંન્ટ્રોલરૂમ ધમધમતો થશે.

તેની સાથોસાથ તમામ જિલ્લા મથકો પર આવતીકાલ સાંજ સુધીમાં ફલાઈંગ સ્કવોર્ડ પણ પહોંચી જનાર છે.શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦-૧૨ના પ્રશ્નપત્રો જિલ્લા મથકો પર તેમજ ઝોનવાઈઝ પહોચાડી દેવામાં આવેલ છે. પરીક્ષા દરમિયાન ચોરી અને ગેરરીતીના બનાવો ન બને તે માટે દરવખતની જેમ ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે જેમાં સંવેદનશીલ કેન્દ્રો પર વિશેષ રૂપથી ખાસ-તકેદારી રાખવામાં આવનાર છે.

# સોનાના ભાવોમાં અભૂતપૂર્વ તેજી વચ્ચે આરબીઆઈએ તમામ સરકારી કંપનીઓને ગોલ્ડ લોનની પ્રક્રિયાની સમિક્ષા કરવા આદેશ કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોનાના ભાવોમાં અભૂતપૂર્વ તેજી વચ્ચે વધતી નગોલ્ડ લોનથથી ચિંતીત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ તમામ સરકારી કંપનીઓને ગોલ્ડ લોન પ્રક્રિયાની સમીક્ષા કરવાનો આદેશ કર્યો છે.

કેન્દ્રીય નાણામંત્રાલયના ડીપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સીયલ સર્વિસ દ્વારા તમામ સરકારી બેંકોને પાઠવાયેલા પત્રમાં એમ કહેવાયુ છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૨ પછીની તમામ



ગોલ્ડલોનની ચકાસણી કરવામાં આવે. ઉપરાંત ગીરવી સોનાનું મૂલ્ય તથા તેની શુદ્ધની ચકાસણી થાય.

સોનાના ભાવમાં એક વર્ષમાં ૧૬.૬ ટકાના વધારાની સામે ગોલ્ડલોનમાં ૧૭ ટકાની નોંધપાત્ર વૃદ્ધિને પગલે રિઝર્વ બેંકે આ કદમ ઉઠાવ્યુ છે. ૨૬ જાન્યુઆરીની સ્થિતિએ ગોલ્ડલોનનું મૂલ્ય ૧,૦૧,૯૩૪ કરોડ રહ્યું હતું. ૫ માર્ચે સોનાનો ભાવ રૂા.૬૪૧૪૦ નક્કી થયો હતો. જો કે, આજે હાજર માર્કેટમાં ભાવ રૂા.૬૮૦૦૦ કરતા વધુ છે. નાણાં મંત્રાલયે એમ કહ્યું કે ગોલ્ડ લોન પોર્ટફોલિયોમાં કેટલાંક નિયમ ભંગ માલુમ પડતા આદેશ આપવામાં આવ્યો છે.

નાણાં મંત્રાલયે પત્રમાં એમ પણ કહ્યુ કે યોગ્ય માત્રામાં સોનુ ગીરવે રાખ્યા વિના મોટી ગોલ્ડલોન આપવા, ફી વસુલાતમાં ગોટાળા, જુદા-જુદા વ્યાજદર તથા ગોલ્ડલોન અપાયાના જ દિવસે કે તેના ગણતરીના દિવસોમાં રોકડ પેમેન્ટના આધારે લોન પુરી કરવા જેવા કિસ્સા ધ્યાને આવ્યા છે.

# હોળીના તહેવાર પર ગુજરાત-મહારાષ્ટ્રથી દોડશે સ્પેશિયલ ટ્રેન, ભારતીય રેલવેએ કરી તૈયારી

## ભારતીય રેલવે દ્વારા હોળીના ૧૫ દિવસ પહેલા કેટલીક સ્પેશિયલ ટ્રેન શરુ કરવાની જાહેરાત કરાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

થોડા દિવસો પછી હોળીનો તહેવાર આવી રહ્યો છે. તેવામાં બીજા રાજયોમાંથી નોકરી-ધંધા માટે ઘરથી હજારો કિલોમીટર દૂર રહેતા હોય છે તેવા લોકો હોળીના સમયે પોતાના ઘરે જતા હોય છે. પરંતુ મોટાભાગે આવા સમયે ટ્રેનોમાં ભારે ભીડ હોવાથી ટિકિટ કંફર્મ નથી મળતી. જેના કારણે પરિવાર સાથે દરેક લોકોને ઘણી મુશ્કેલી પડે છે. પરંતુ હવે તમારે તેના માટે ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે ભારતીય રેલવે દ્વારા હોળીના ૧૫ દિવસ પહેલા કેટલીક સ્પેશિયલ ટ્રેન શરુ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ભારતીય રેલવેએ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ એકાઉન્ટ પર આ માહિતી આપી છે. ભારતીય રેલ્વેએ



મહારાષ્ટ્રના બાંદ્રા ટર્મિનસથી વી લક્ષ્મીબાઈ ઉંઈજસુપરફાસ્ટ ૦૯ માર્ચ ૨૦૨૪ થી ૩૦ માર્ચ ૨૦૨૪ સુધી એક અઠવાડિયા સુધી ચલાવવામાં આવશે. આ સુપરફાસ્ટ ટ્રેન કુલ ૪ વખત રવાના થશે. ટ્રેન નંબર ૦૨૨૦૦ શનિવારે સવારે ૫.૧૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે. જ્યારે બીજા દિવસે એટલે કે રવિવારે વી. લક્ષ્મીબાઈ સવારે પાંચ વાગ્યે ઉંઈજ સ્ટેશન પહોંચશે. આ ટ્રેન બોરેવલી, વાપી સુરત, ભરૂચ જંકશન, વડોદરા જંકશન, ગોધરા જંકશન, દાહોદ, રતલામ જંકશન, નાગદા જંકશન, ઉજ્જૈન જંકશન, મક્સી, ભૈયાવારા રાજગઢ, રૂતિયાળ સહિતના ઘણા સ્ટેશનો પર ઉભી રહેશે.

ઉધના જંક્શનથી મેંગલુરુ જંક્શન સુધી ચાલતી સ્પેશિયલ ટ્રેન (૦૯૦૫૭) બુધવાર, ૨૦ માર્ચ, ૨૦૨૪ અને રવિવાર, ૨૪ માર્ચ, ૨૦૨૪ના રોજ ઉપડશે. આ ટ્રેન ઉધના જંકશનથી રાત્રે ૮ વાગ્યે ઉપડશે. જ્યારે મેંગલુરુ જંક્શન પહોંચવાનો સમય બીજા દિવસે ૭ વાગ્યાનો છે. સુરતથી કરમાલી સ્પેશિયલ ટ્રેન (૦૯૧૯૩) સુરત રેલવે સ્ટેશનથી ૨૧ માર્ચ ૨૦૨૪ અને ૨૮ માર્ચ ૨૦૨૪ના રોજ સાંજે ૦૭.૫૦ વાગ્યે ઉપડશે અને મધ્યરાત્રિ ૧૨ વાગ્યે કરમાલી પહોંચશે.

# કોંગ્રેસે લોકસભાની ચૂંટણી માટે પ્રથમ યાદી જાહેર કરી

## રાહુલ ગાંધી, ભૂપેશ પઘેલ સહિત મોટા નેતાના નામો સામેલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાતનો સમય નજીક આવી રહ્યો છે. ત્યારે રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોના નામની જાહેરાતો કરી રહ્યા છે. ભાજપ દ્વારા પોતાના ૧૯૫ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ હતી. આ સિવાય આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષોએ પણ યાદી જાહેર કરી હતી. ત્યારે આજે (શુક્રવાર) કોંગ્રેસે તેના ૩૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં રાહુલ ગાંધી, ભૂપેશ બઘેલ જેવા મોટા નેતાઓના નામ સામેલ છે. મહત્વનું છે કે, કોંગ્રેસની સેન્ટ્રલ ઈલેક્શન કમિટીની બેઠક ગુરુવારે ઉમેદવારોના નામ ફાઈનલ કરવા માટે મળી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી સહિત ઘણાં નેતાઓએ દિલ્હીમાં પાર્ટી હેડક્વાર્ટરમાં આયોજિત બેઠકમાં હાજરી આપી હતી.

કે.સી. વેણુગોપાલે પત્રકાર પરિષદમાં ઉમેદવારોની યાદી જાહેર કરતા જણાવ્યું



કે,'રાહુલ ગાંધી વાયનાડથી ચૂંટણી લડશે, ભૂપેશ બઘેલ રાજનાંદગાંવથી ચૂંટણી લડશે. પાર્ટીની પ્રથમ યાદીમાં ૧૫ સામાન્ય અને ૨૪ એસસી-એસટી કેટેગરીના ઉમેદવારોનો સમાવેશ થાય છે.'

**કોને કોને મળી ટિકિટ?**

વાયનાડ - રાહુલ ગાંધી
તિરુવનંતપુરમ - શશી થરૂર
જાંગીર ચાંપા - શિવકુમાર દહેરિયા
કોબ્રા - જ્યોત્સના મહંત
રાજનંદગાવ - ભૂપેશ બઘેલ
દુર્ગ - રાજેન્દ્ર સાહુ
રાયપુર - વિકાસ ઉપાધ્યાય
મહાસમુંદ - તામ્રધ્વજ સાહુ
બીજાપુર - એચ.આર. અલગુર
હવેરી - આનંદસ્વામી મથ
શિમોગા - ગીતા શિવરાજકુમાર
હસ્સન - એમ. શ્રેયાસ પટેલ
તુમકુર - એસ.પી. મુદ્દાહનુમેગોવડા
માન્ડ્યા - વેન્કટારામેગોવડા
બેંગલુરુ ગ્રામ્ય - ડી.કે. સુરેશ
કસરાગોડ - રાજમોહન ઉન્નીથન
કાન્નુર - કે. સુધાકરન
વાડાકારા - શફી પારામ્બીલ
કોઝીકોડે - એમ.કે. રાઘવન
પલક્કડ - વી.કે. શ્રીકનંદન
અલાથુર - રેમ્યા હરિદાસ
થીસ્સુર - કે. મુરલીધરન
ચલાકુડી - બેન્ની બહાનંન
એરનાકુલમ - હીબી ઈડન
ઇડુકી - ડીન કુરિકોસ
અલાપ્પુઝા - કે.સી. વેણુગોપાલ
માવેલીક્કારા - કોડીકુન્નીલ સુરેશ
પથાનામથીત્તા - અન્ટો એન્ટોની
એત્તિંગલ - અદુર પ્રકાશ
લક્ષદ્વીપ - મો. હમદુલ્લાહ સૈયદ
શીલોંગ - વિન્સેન્ટ એચ. પાલા
તુરા - સાલેન્ગ એ. સંગમા
નાગાલેન્ડ - એસ. સુપોન્ગમેરેન જમીર
સિક્કિમ - ગોપાલ ચેત્તરી
ઝહિરાબાદ - સુરેશ કુમાર શેત્કર
નાલગોન્ડા - રઘુવીર કુન્દુરુ
મહબુબનગર - ચલ્લા વમ્શી ચાંદ રેડ્ડી
મહબુબાબાદ - બલરામ નાઈક પોરિકા
ત્રિપુરા વેસ્ટ - આશીષ કુમાર સાહા

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં CECની બેઠકમાં ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભા બેઠક પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં દિલ્હી, કર્ણાટક, કેરળ, છત્તીસગઢ, તેલંગાણા, સિક્કિમ, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર, મેઘાલય અને લક્ષદ્વીપની લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. તેમાંથી હવે ૩૯ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. હાલમાં બાકીની બેઠકો માટેના ઉમેદવારોના નામને લઈને મંથન ચાલી રહ્યું છે અને એવું માનવામાં આવે છે કે આગામી દિવસોમાં પાર્ટી ટૂંક સમયમાં તેની બીજી યાદી જાહેર કરશે.


ભાજપે તેની ૧૯૫ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની વારાણસી, ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગર તથા રાજનાથ લખનઉની તેમની બેઠકો પરથી ચૂંટણીના રણમાં ઉતરશે. આ સાથે ભાજપે ગુજરાતમાં ૧૫, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૫૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

# મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સાથે ભવનાથના મેળાની પૂર્ણાહુતિ

## રવેડીમાં દિગંબર સાધુએ અંગ કસરતના કરતબો રજૂ કરી ભાવિકોને આશ્ચર્યમાં મુકી દીધા







**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ભજન-ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમાન ગણાતો જુનાગઢ ભવનાથ તળેટીનો મહા શિવરાત્રીનો મેળો સદીઓથી યોજાઈ રહ્યો છે. ગઈકાલે મહા શિવરાત્રીના અંતીમ દિવસે ભવનાથ તળેટીની જગ્યા ટુંકી પડવા પામી હતી. સવારથી જ ભરડાવાવથી તળેટી સુધી માનવ પ્રવાહ મેળા તરફ સતત મોડી સાંજ સુધી પગપાળા સતત જતા જોવા મળતો હતો સામે તેટલી જ સંખ્યા તળેટીમાંથી ગિરનાર દરવાજા તરફ બહાર નીકળવા જોવા મળતી હતી. શિવભકતોથી તળેટી અને રોડ રસ્તા શિવભકતોથી છવાઈ જવા પામી હતી.

રવેડીનો રસ્તાઓ ગઈકાલે બપોરના ૩-૧૫ કલાકે મનપા દ્વારા રેવડીના રૂટ પર લોખંડ અને લાકડાના થાંભલાઓની આડસ કરવા માટે તેમજ સફાઈની ટીમોએ રવેડી રૂટના તમામ રોડ રસ્તાઓમાં સફાઈ કરી ટ્રેકટર દ્વારા પાણી છાંટી રોડ રસ્તા સ્વચ્છ બનાવી દીધા હતા. ભાવિકો રોડની બન્ને બાજુ તડકામાં રાત્રીના ૯ કલાકે નીકળતી રવેડીના દર્શન માટે પોતાનું સ્થાન લઈ ગોઠવાઈ ગયા હતા.

એક વાયકાઓ એવી પણ છે કે ભવનાથ શિવજી કોઈના કોઈ સ્વરૂપે અહીં જુનાગઢ મહા શિવરાત્રીના મેળામાં ચોકકસ આવે છે. તેના દર્શન કરવા લોકો અહીં રવેડી જોવા ખાસ અહીં આવે છે. ગીરનારમાં અનેક અવધૂતો વર્ષમાં એક જ વખત બહાર નીકળતા હોય છે તેઓ પણ મહા શિવરાત્રીના મેળામાં ચોકકસ આવે છે.

જુનાગઢ મહા શિવરાત્રીનો મેળા જુનાગઢ પુરતો જ સીમીત નથી પરંતુ સનાતન હિન્દુ ધર્મની રક્ષાનો એક સ્તોત્ર છે. સંસ્કૃતિના રક્ષણ અને જનતા માટે સમર્પિત હોય છે. ગઈકાલે અંદાજીત આઠ લાખ લોકોએ રવેડીના દર્શનનો અને નાગાબાવાઓના દર્શનનો લાભ લીધો હતો. પોલીસે ખડેપગે રહીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. રવેડીના રૂટ પર કલરોથી રંગોળીઓ બનાવી હતી. સાધુઓના સ્વાગત માટે ગુલાબની પાંખડીઓ રોડ પર પાથરવામાં આવી હતી.

રવેડીના રૂટ ઉપર રાત્રીના ૮-૩૦ કલાકે ત્રણેય અખાડાઓના મહા મંડલેશ્વરો સાધુ સંતો થાનાપતિઓ ગાદીપતિઓ નાગા સાધુઓ સાધ્વીઓ કિન્નર અખાડાના મહા મંડલેશ્વર પૂજન અર્ચન કરી પોતાના અખાડાની ધર્મની ધજા તેમના નિશાન સાથે ઈષ્ટદેવને સાથે રાખી ટ્રેકટરની પાલખીયાત્રામાં બેસાડીને રવેડીમાં નીકળ્યા હતા.આ વખતે પ્રથમ વખત ઘોડાની બગીઓના બદલે ટ્રેકટરોને શણગારીને પાલખીયાત્રા યોજવામાં આવી હતી. સુરીલા બેન્ડવાજાઓ ભકિતમય સંગીત વગાહતા હર હર મહાદેવના નાદ સાથે રાત્રીના ૧૨ કલાકે રવેડીઓ ભવનાથ દાદાના મંદિરે પહોંચી હતી. રવેડીના રૂટ પર તલવારબાજી પટ્ટાબાજી લાઠીના દાવ નાગા સાધુઓ પોતાની ઈન્દ્રીમાં લાકડી ને વીંટી અંગ કસરતના દાવ કરતા જોતા ભાવિકો પોતાની જાતને ધન્યતા અનુભવી હતી રાત્રીના ૧૨ કલાકે ભવનાથ મંદિરે આવી મૃગીકુંડમાં પ્રથમ પૂજા અર્ચન કરી બાદ સ્નાન સાથે હર હર મહાદેવના નાદ સાથે મૃગી કુંડ ગુંજી ઉઠયો હતો.

ભવનાથ મંદિરે પૂજા અર્ચન આરતી કર્યા બાદ અસંખ્ય સાધુઓએ દોટ મુકી કયાં જતા રહ્યા હોય તેમ અનેક સાધુઓ અદ્રશ્ય થઈ ગયા હોય તેવું જોવા મળતું હતું. મહાઆરતી બાદ તમામ અખાડાઓના સાધુઓ પોત પોતાના સ્થાને જતા રહેતા વિધીવત રીતે મહા શિવરાત્રીનો મેળો સંપન્ન થવા પામ્યો હતો. બાદ ભાવીકો આજે સવાર સુધીમાં લગભગ તળેટી ખાલીખમ જોવા મળી રહી છે. તંત્ર પોલીસ વન વિભાગ સહિતનાઓએ નિર્વિઘ્ને મેળો પુરો થઈ જતા નિરાંતનો દમ લીધો હતો, ઉતારા મંડળો, અન્નક્ષેત્રો પાથરણા ચકડોળ સહિતનાઓએ પણ પોતાનો સામાન સંકેલી લેવામાં લાગી ગયા છે.

# ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર દ્વારા શિવ શોભાયાત્રાનું કરાયું સ્વાગત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મહાશિવરાત્રી નિમિતે ભવ્યથી ભવ્ય શિવ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે, જામનગર શહેરમાં શિવ શોભાયાત્રા નું સ્વાગત કરવા પ્રજાજનો યાત્રાના માર્ગ ઉપર મળતી પડે છે, આ તબ્બકે ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર દ્વારા બેડી ગેઇટ ખાતે સ્વાગત કરવામાં આવેલ.

આ તબ્બકે ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર અધ્યક્ષ ડો વિમલભાઈ કગથરા, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મહામંત્રી પ્રકાશભાઈ બામણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણ ભાટુ, મેયર વિનોદ ખીમસુરિયાં, સ્ટે. કમિટી ચેરમેન નિલેશ કગથરા, ડે મેયર ક્રિષ્નાબેન સોઢા, સાશકપક્ષ નેતા આશિષ જોશી, પૂર્વ પ્રમુખો હસમુખ હિન્ડોચા, હિતેનભાઈ ભટ્ટ, અશોક નંદા, મુકેશ દશાણી, અમીબેન પરીખ,



પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, મહાદેવ મિત્રમંડળ ના રાજુભાઈ વ્યાસ (મહાદેવ), પૂર્વ મત્રીશ્રીઓ, પૂર્વ પ્રમુખો, પૂર્વ મેયર, મોરચા ના પદાધિકારીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડના કાર્યકરો, સેલના હોદેદારો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

# મોરબીના મચ્છુ–૩ ડેમ ઉપર બનેલ પુલ ઉપર ગાબડું પડતા હાલ તંત્રમાં દોડધામ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

રાજ્યમાં વરસાદ આવતાની સાથે જ રોડ-રસ્તાની કામગીરી અને તંત્રની પોલ છતી થઈ જાય છે. અનેક જગ્યાએ ભૂવા પડે છે તો, રોડ ધોવાઈ જાય છે અને પુલની હાલત બે હાલત થઈ જાય છે. પરંતુ મોરબીમાં તો વગર વરસાદે જ પૂલ પર ગાબડું પડ્યું છે. એક વર્ષ પહેલાં જ આ પૂલ બનાવવામાં આવ્યો હતો.

રાજ્યમાં રોડ રસ્તાના કામોમાં અનેકવાર ભ્રષ્ટાચારના કિસ્સા સામે આવતા હોય છે ત્યારે વધુ એક ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડી ગઈ છે.



કરોડોના ખર્ચે બનાવેલા ઓવરબ્રિજમાં ગાબડું પડી જતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. મોરબીના મચ્છુ ૩ ડેમ પર આવેલ ઓવરબ્રિજમાં ગાબડું પડ્યું છે. આ પુલ એક વર્ષ પહેલાં જ ખુલ્લો મુકવામાં આવ્યો હતો, ત્યારે નવા બનેલ પુલ ઉપર મસમોટું ગાબડું પડી જતા તંત્ર પર અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે. જો કે, બનાવમાં સદનસીબે જાનહાની ટળી હતી અને કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે ગાબડા ફરતે તંત્ર દ્વારા પથ્થરો ગોઠવી દેવામાં આવ્યા છે

વધુમાં બીજીબાજુ સવારે પુલમાં પડેલા ગાબડાં અંગે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા જણાવ્યું હતું કે આ પુલ માટેની મંજૂરી આશરે સાત વર્ષ પહેલા સરકારમાંથી મળી હતી અને કોન્ટ્રાક્ટરે પુલ નિર્માણનું કામ ત્રણ વર્ષ પહેલા ચાલુ કર્યું હતું અને લગભગ એક વર્ષ કરતા ઓછો સનાયા થયો આ પુલ ચાલુ કરાવ્યો ત્યારે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને ધારાસભ્ય દ્વારા જણાવ્યું હતું કે પુલમાં આ રીતે ગાબડું ક્યાં કારણોસર પડ્યું ત્યારે બાંધકામના મટીરિયલમાં ખામી હતી કે પછી બાંધકામ સમયે કોઈ ક્ષતિ રહી હતી તે અંગે હાલ સંપૂર્ણ અહેવાલ તૈયાર કરી સરકારમાં પત્રવ્યવહાર કર્યો છે તેમજ હાલ આ પુલનું બાંધકામ કરનાર કોન્ટ્રાક્ટરનું કરોડો રૂપિયાનું બિલ હજુ બાકી હોય અને પુલ ઉપર પડેલા ગાબડામાંથી સેમ્પલ લઇ તેની તપાસની કાર્યવાહી થશે અને જવાબદારો સામે પગલાં લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# રાજકોટ યાર્ડમાં ચણા અને ધાણાની પુષ્કળ આવકોઃ ૭ કિ.મી. સુધી લાગી વાહનોની કતાર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ માર્કેટગાર્ડમાં શિવરાત્રીના રજા બાદ ખુલતાની સાથે ગત રાત્રીથી ચણા અને ધાણા ભરેલા વાહનોની રાજકોટ યાર્ડથી મારવાડી કોલેજ સુધી લાંબી કતારો લાગી હતી. રાજકોટ યાર્ડથી અંદાજે ૭ કિ.મી. સુધી લાંબી કતારમાં ૧૧૦૦ થી વધુ વાહનોને ક્રમવાર યાર્ડમાં પ્રવેશ અપાયો હતો. શિયાળુ પાક ગણાતા ચણા અને ધાણાની પુષ્કળ આવકો થતા નવી જાહેરાત ન થાય ત્યાં સુધી આ બંને જણસીઓની આવકો બંધ કરાઇ હતી. ચણા, ધાણા તથા અન્ય જણસીઓની પણ આવકો થઇ હતી. રાજકોટ યાર્ડના ચેરમેન જયેશભાઇ બોઘરા તમામ ડિરેક્ટરો તથા યાર્ડનો સ્ટાફે ખડેપગે રહી તમામ જણસીઓની ઉતરાઈની વ્યવસ્થા કરાવી હતી. તસ્વીરમાં જણસી ભરેલા વાહનોની લાંબી કતારો અને ચણા તથા ધાણાનો જંગી જથ્થો નજરે પડે છે.**

# રાજસ્થાનથી મોરબી પહોંચ્યા બાદ માનસિક અસ્થિર યુવાન છેલ્લા ૧૫ દિવસથી ગુમ, પત્તો આપવા જણાવાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજસ્થાનથી કોઈ વાહનમાં મોરબી આવી ગયા બાદ અહીંથી રાજસ્થાનનો માનસિક અસ્થિર યુવાન ગુમ થઈ ગયો હોય અને તેના પિતા તેને શોધવા માટે છેક રાજસ્થાનથી મોરબી આવ્યા હતા.જોકે હાલ તેઓના પુત્રની કોઈ ભાળ મળતી ન હોય વ્યથીત હ્રદય તેઓએ પોતાના પુત્રની જો કોઈને જાણ હોય તો પતો આપવા માટે વિનંતી કરેલ છે.

આ બાબતે વધુમાં જાણવા મળતી વિગતો પ્રમાણે રાજસ્થાનના સાંચોર જિલ્લાની અંદર આવેલા લીયાદરા ગામના વતની હર્ષદરામ ઉર્ફે હરચંદજી



ચૌધરી જાતે કણબી પટેલનો ૧૭ વર્ષનો માનસિક અસ્થિર પુત્ર દિનેશ કે જે છેલ્લા એકાદ મહિનાથી રાજસ્થાનથી ગુમ થઈ ગયો છે અને તે અહીં મોરબી હોય અને મોરબી ખાતે પોલીસ સ્ટેશનને પહોંચ્યો હતો અને પોલીસ સ્ટેશનથી તેઓને ફોન આવ્યો હતો.જેથી તેઓ રાજસ્થાનથી પોતાના પુત્રને લેવા માટે મોરબી આવ્યા હતા જોકે તે દરમિયાન તેમનો દીકરો પોલીસ સ્ટેશન ખાતેથી ક્યાંક અન્યત્ર ચાલ્યો ગયો હોય અને તા.૧૮ ફેબ્રુઆરીથી મોરબી ખાતેથી તેમનો પુત્ર દિનેશ હર્ષદરામ ઉર્ફે હરચંદજી ચૌધરી કણબી પટેલ નામનો યુવાન કે જે માનસિક અસ્થિર છે તે ગુમ થઈ ગયો છે .જે બાબતે તેઓ રાજસ્થાનથી તેને શોધવા માટે મોરબી આવેલા છે.પરંતુ હાલ અહીં તે યુવાનનો કોઈ પતો લાગ્યો ન હોય તેઓએ લોકો પાસે અપીલ કરી છે કે બાજુમાં દેખાતા આ ફોટા વાળા યુવાનને કોઈ ઓળખતું હોય કે ક્યાંય જોવા મળે તો તેઓના મોબાઈલ નંબર ૮૨૯૦૨ ૯૯૮૬૧ ઉપર જાણ કરવા માટે તેઓએ વિનંતી કરી છે અને પુત્ર છેલ્લા એક મહિનાથી ગુમ હોય તેઓના આંખોના ખૂણા ભીના થઈ ગયા હતા અને તેઓએ જો આ ફોટા વાળો વાળો યુવાન ક્યાંય જોવા મળે તો તાત્કાલિક પતો આપવા માટે સૌને વિનંતી કરી છે.

# જામજોધપુરમાં રૂ.૪ કરોડથી વધુના ખર્ચે અદ્યતન નવિન એસ.ટી. ડેપો તથા વર્કશોપનું થશે નિર્માણ



**મુખ્ય સમાચાર, વિજય બગડા**

જામનગર જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસરના અધ્યક્ષ સ્થાને જામજોધપુર મુકામે આવેલ નવિન એસ.ટી.ડેપો - વર્કશોપનો ખાતમુહૂર્ત સમારોહ યોજાયો હતો. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં જુના અને જર્જરિત ડેપો-વર્કશોપને ડિમોલીશ કરીને આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચરવાળા નવિન ડેપો તથા વર્કશોપનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ.૪.૦૨ કરોડના ખર્ચે બનનાર નવિન એસ.ટી.ડેપો - વર્કશોપ ખાતે વહીવટી ઓફીસ, સ્ટોર રૂમ, ઓઇલ રૂમ, ટાયર રૂમ, બેટરી રૂમ, રેકર્ડ રૂમ, સ્ટોર રૂમ, ઇલેક્ટ્રિક રૂમ, વર્કર્સ રેસ્ટ રૂમ, કોમન ટોઈલેટ બ્લોક, ડેપો મેનેજરની ઓફિસ, જેવી અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવશે.

આ ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે જામજોધપુર મુકામે ગુજરાત સરકાર દ્વારા નવિન ટેકનોલોજીથી સજ્જ આધુનિક એસ.ટી.ડેપો તથા વર્કશોપ બનવા જઈ રહ્યું છે, ત્યારે ખૂબ આનંદની લાગણી થાય છે.વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સરકાર બન્યા પછી દરેક ક્ષેત્રોમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે અને અનેક જનકલ્યાણકારી કાર્યો થયા છે. ગુજરાત સરકારે અદ્યતન સુવિધાઓયુક્ત નવિન એસ.ટી. બસો અને અત્યાધુનિક સુવિધાસભર બસપોર્ટ આપી લોકોની સુવિધામાં ઉમેરો કર્યો છે.ગુજરાત એસ.ટી.નું જામજોધપુર ડિવિઝન ખૂબ મોટું ભગીરથ કાર્ય કરે છે. આજે ગુજરાતના ગામે ગામ એસ.ટી. બસો પહોંચે છે. ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીનો આભાર વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે ગુજરાત સરકારે એસ.ટી. બસોની ટેકનિકલ જરૂરીયાતો માટે વર્કશોપના નવિનીકરણ માટે ખૂબ ઉદાર હાથે મંજૂરી આપી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, ધારાસભ્ય શ્રી મેઘજીભાઈ ચાવડા, પૂર્વ કેબિનેટ મંત્રી ચીમનભાઈ સાપરીયા, જામજોધપુર એ.પી.એમ.સી. ચેરમેન શ્રી બ્રિજરાજસિંહ જાડેજા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઈ મૂંગરા, જામનગરના વિભાગીય નિયામકશ્રી બી.સી.જાડેજા, પરિવહન નિરીક્ષકશ્રી ઇશરાની તથા એસ.ટી.ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્કૃષ્ટ સેવા બદલ જામનગર જિલ્લા પોલીસ વડાને કરવામાં આવ્યા સન્માનિત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ઉત્કૃષ્ટ સેવાઓ માટે ડીજીપી કમેન્ડેશન ડીસ્કથી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્યના મુખ્ય પોલીસવડાએ જામનગરના જિલ્લા પોલીસવડાને સન્માનિત કર્યા હતા.જામનગર જિલ્લામાં એસપી પ્રેમસુખ ડેલુએ પોતાના ફરજ સમય દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે. તેઓએ કુખ્યાત અસામાજિક તત્ત્વો, ગુંડાઓ તેમજ સરકારી અને ખાનગી જમીન પર બળજબરીથી



કબજો કરનાર શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગ તેમજ ગુજસીટોક અન્વયે ગુન્હાઓ દાખલ કરાવી નાગરિકોને કાયદાનું કવચ પૂરૂ પાડ્યું છે. તેઓને ડીજીપી કમેન્ડેશન ડીસ્ક ૨૦૨૨ માટે પસંદ કરવામાં આવ્યા પછી રાજ્યના મુખ્ય પોલીસવડા વિકાસ સહાયના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા

# મોરબી અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ દ્વારા મહાશિવરાત્રિની અનોખી ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, મોરબી**

મહાશિવરાત્રિના પવિત્રપર્વની મોરબી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે મોરબીમાં અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓથી જાણીતું અનસ્ટોપેબલ વોરીયર ગ્રુપ દ્વારા મહાશિવરાત્રિની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં આજે મોરબીના સ્લમ વિસ્તાર કામધેનું પાછળ આવેલ આવાસમાં તથા મયુરપુલ નીચે બાળકોને મીઠાઈ તથા ફરારી ચેવડો સહિતના નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલ સહિત ગ્રુપની બહેનો જોડાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ દ્વારા જન્મદિન હોય કે તહેવારો હોય જેની વિશેષ રીતે ઉજવણી કરવામાં આવે છે. સાથે જ મોરબીમાં બ્લડની તાત્કાલિક જરૂરિયાત પુર્ણ કરવામાં આવે છે. આ સિવાય પણ અનેક સેવાકીય કાર્યો તથા પ્રવૃતિઓ કરી રહ્યું છે.

# જામ્યુકોની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ૮૧ કરોડથી વધુના વિકાસ કામો મંજુર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક મળી કરોડોના કામોને મંજુરી આપવામાં આવી રહી છે. મળેલી બેઠકમાં રૂા. ૮૧ કરોડ ૦૫ લાખના ખર્ચવાળા વિકાસ કામોને મંજુરી આપવામાં આવી હતી.સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં કુલ રૂા. ૩૨૪ કરોડ ૫૬ લાખના કામોને ધડાધડ મંજુરી આપી દેવામાં આવી છે.જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠ ચેરમેન નિલેષ કગથરાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ૯ સભ્યો ઉપરાંત મેયર વિનોદ ખીમસૂર્યા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, કમિશનર ડી.એન. મોદી નાયબ કમિશનર વાય.ડી. ગોહિલ, સિટી ઈજનેર ભાવેશ જાની, આસી. કમિશનર (ટેકસ) જીગ્નેશ નિર્મળ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.વરસાદી પાણીના નિકાલ માટે અંડર ગ્રાઉન્ડ ગટર સામે કોમ્પ્રેહેન્સીવ ઓપરેશન એન્ડ મેન્ટનન્સ - ત્રણ વર્ષ ૪ માસ માટે (ફક્ત ચોમાસા દરમ્યાન)ના કામ માટે રૂા. ૩૫ લાખ, સીવેજ પમ્પીંગ સ્ટેશન, ગાંધીનગર, કાલાવડ ગેઈટ અને વ્હોરાના હજીરા સ્ટેશનનમાં ઈલેકટ્રીક-મિકેનીકલ મશીનરીમાં વધારો કરવા, ઈન્સ્ટોલ કરી ટેસ્ટીંગ તેમજ કમિશનીંગ કરવાના કામ માટે રૂા. ૧૦૫.૩૩ લાખ, ભૂગર્ભ ગટરના કામોની તમામ કામગીરી અન્વયે સર્વે, ડિઝાઈન, ડીપીઆર ડીટીપી તૈયાર કરવા તેમજ સુપરવિઝન વગેરે માટે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટના કામ અંગે રૂા. ૩૪.૮૬ લાખના કામને મંજુરી આપવામાં આવી હતી, તમામ ૧ થી ૧૬ નંબરના વોર્ડમાં એફઈએસએલની સ્ટ્રીટ લાઈટનું મેન્ટનન્સનું કામ આઉટ સોસીંગથી કરાવવા માટે રૂા. ૫૨.૪૮ લાખને ખર્ચ મંજુરી આપવામાં આવી છે.સોલીડ વેસ્ટ શાખા



હસ્તકના વોર્ડ ઓફિસ, ઢોર ડબ્બા તથા શાખા લગત સિવિલ સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન બિલ્ડીંગ વર્કના કામ અન્વયે રૂા. ૧૧૫ લાખ, સ્પોર્ટસ કોમ્પ્લેકસના સ્વીમીંગ પૂલ, કોમ્પ્રેહેન્સીવ ધોરણે ઓપરેશન એન્ડ મેન્ટનન્સના કામ માટે રૂા. ૧૨.૮૬ લાખ, આઉટ સોસીંગથી મેન પાવર સપ્લાય કરતી એજન્સીની મુદ્દત ૧ વર્ષ વધારવા નિર્ણય લેવાયો હતો.

એમ્યુઝમેન્ટ પાર્કમાં સિક્યોરીટી, કલીનીંગ, ગાર્ડનીંગ, કોમ્પ્યુટર ઓપરેટરના સ્ટાફ ખર્ચ, રણમલ લેઈક, ખંભાળીયા ગેઈટમાં કલીનીંગ સ્ટાફનું ખર્ચ, જામ રણજીતસિંહ પાર્કમાં સિક્યોરીટી કલીનીંગ ગાર્ડનીંગ તથા કોમ્પ્યુટર ઓપરેટરના વગેરે સ્ટાફ ખર્ચ, જ્યુબેલી ગાર્ડનમાં ગાર્ડનીંગ સ્ટાફનું ખર્ચ, રણમલ તળાવમાં ગાર્ડનીંગ સ્ટાફ, લાખોટા મ્યુઝીયમમાં સિક્યોરીટી, કલીનીંગ ગાર્ડનીંગ સ્ટાફ, કોમ્પ્યુટર ઓપરેટરના સ્ટાફ ખર્ચની દરખાસ્તો પેન્ડીંગ રાખવામાં આવી હતી.મોટા આશાપુરા મંદિર પાસે હયાત ગઢની રાંગની મરામત માટે રૂા. ૨૫.૦૫ લાખ, રીજીએનેશન એન્ડ ડેવલપમેન્ટ ઓફ રણમલ લેઈક પાર્ટ-૨ અને પાર્ટ-૩ ના કામ માટે રૂા. ૩૮૮૨ લાખ, મંગલબાગ શેરી નંબર ૧ થી ૪, ઈન્દિરા માર્ગથી આહિર વિદ્યાર્થી ભવન થઈ કેનાલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામની દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવી હતી.

વોર્ડ નંબર ૧૫ ના મથુરાનગર શેરી નંબર ૧ થી ૧૨ માં સીસીરોડ બનાવવા માટે રૂા. ૧૮.૬૨ લાખ, વિરલ બાગ-દાદા-દાદી ગાર્ડનમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામ માટે રૂા. ૧૦.૦૬ લાખ, સ્વસ્તિક સોસાયટીના ગાર્ડનમાં કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે રૂા. ૧૪.૪૪ લાખનુ ખર્ચ મંજુર કરાયું છે.સિવિલ સાઉન્ડ ઝોન વોર્ડ નંબર ૧૬ વિસ્તારની ખાનગી સોસાયટીઓમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારમાં લોક ભાગીદારીથી સીસીરોડ બ્લોકના કામ માટે રૂા. ૨૦૦ લાખ, વલ્લભનગરમાં કોમ્યુનીટી હોલ, મહિલા સ્નાનગર બનાવવા માટે સાંસદની ગ્રાન્ટમાંથી રૂા. ૮ લાખ, જેલ પાસે સીસી રોડ બનાવવા સાંસદની ગ્રાન્ટમાંથી રૂા. ૪ લાખ, આદર્શ સ્મશાન ગૃહમાં સાંસદની ગ્રાન્ટમાંથી કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે રૂા. ૧૦ લાખનો ખર્ચ મંજુર કરાયો હતો.પંજાબ બેન્કથી આણદાબાવા ચકલા સુધી સીસી રોડ, લીમડાલાઈન ગુરૂદ્વારા સામેની શેરીથી ચર્ચ સુધી અને ત્યાંથી સ્ટીલીંગ એજન્સી સુધી સીસી રોડ, પંચેશ્વર ટાવરથી ચાંદી બજાર સુધી સીસી રોડ, સુપર માર્કેટથી જયશ્રી સિનેમા વાળા માર્ગમાં સીસી રોડ, પોસ્ટ ઓફિસ પાસેથી સોઢાના ડેલામાં સીસી રોડના કામ માટે રૂા. ૧૬૩.૮૮ લાખ, પંચવટી મેઈન રોડમાં સીસી રોડ, વોર્ડ નંબર પાંચમાં જયંત એપાર્ટમેન્ટ વાળી શેરીમાં અને કુમાર હેર આર્ટવાળી શેરીમાં સીસી રોડ માટે રૂા. ૨૪.૧૫ લાખનું ખર્ચ મંજુર કરાયું છે.વોર્ડ નંબર ૧૬ આશીર્વાદ દિપ સોસા. પુલીયા (બ્રીજ)થી જામનગર હાઈવે રોડ સુધી સીસી રોડ બનાવવા માટે રૂા. ૩૪ લાખ, સુજાતા ઈન્ડ.થી વિભાપર મેઈન રોડને જોડતા હૈયાત મેટલ રોડ ઉપર સીસીરોડ બનાવવા માટે ૬૧.૫૬ લાખ, કનસુમરા ગામમાં ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં ૨૭ મીટર પોહળો સીસી રોડ બનાવવા માટે રૂા. ૨૨૩.૩૩ લાખ, સેટેલાઈટ પાર્કની અલગ-અલગ છ શેરીમાં સીસી રોડ માટે રૂા. ૧૦૨.૧૫ લાખનું ખર્ચ મંજુર કરાયું છે.નંદન પાર્ક-૨ થી મેહુલ પાર્ક ગેઈટ કેનાલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજની દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવી હતી.શેઠ ભગવાનદાસ રોડ પર સીસી રોડ માટે રૂા. ૧૦૨. ૦૭ લાખ, વોર્ડ નંબર ૧૬ માં રાજકોટ રોડથી ધોરીવાવ સુધી સીસી રોડ માટે રૂા. ૨૩૧.૧૧ લાખ સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસના કામમાં વોર્ડ નંબર ૧, ૬ અને ૭ માટે રૂા. ૧૫ લાખ, વોર્ડ નંબર ૫,૯,૧૩, અને ૧૪ માટે રૂા. ૧૫ લાખ, વોર્ડ નંબર ૨,૩ અને ૪ માટે રૂા. ૧૫ લાખ, વોર્ડ નંબર ૧૦,૧૧ અને ૧૨ માટે રિટેન્ડર, તથા વોર્ડ નંબર ૮,૧૫ અને ૧૬ માટે ૧૫ લાખના ખર્ચનો નિર્ણય લેવાયો હતો.સ્ટ્રેન્ધીનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીંગ વર્કસના કામ માટે વોર્ડ નંબર ૨,૩ અને ૩ માં પાંચ લાખ અને વોર્ડ નંબર ૮,૧૫ અને ૧૬ માટે પાંચ લાખ તથા સ્ટ્રેન્ધીનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફિક વર્કસના કામ માટે રૂા. પાંચ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.આશાપુરા હોટલથી જુના જકાતનાકા થઈ બાયપાસને જોડતા રોડની ૩૦ મીટર ડી.પી. રોડની અમલવારી માટેની દરખાસ્તનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. જ્ઞાન શક્તિ સર્કલથી સીતારામ સોસાયટી પાસેથી પસાર થઈ ૭.૫ મીટરના બાયપાસ રોડને ૨૪ મી ડી.પી. રોડની દરખાસ્તનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી સાત દરખાસ્તોને મંજુરી અપાઈ હતી જેમાં આગલા નાણાકીય વર્ષ માટે બેક લોડર, એસ્કેલેટર (હીટાચી) તથા ટ્રેક્ટર વીથ ટ્રોલી સપ્લાઈ કરવા માટે રૂા. ૫૧ લાખનો ખર્ચ મંજુર કરાયો હતો. ટેકનીકલ અને વહીવટી જગ્યાની મુદ્દત ૧૧ માસ વધારવામાં આવી હતી. વોર્ડ નંબર ૨ માં ખાનગી સોસાયટીમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની તથા અન્ય રહેણાંક વિસ્તારમાં લોક ભાગીદારીથી સીસી રોડ-બ્લોક બનાવવા માટે ૨૦૦ લાખ, ઢોરના ડબ્બામાં લીલોઘાસચારો સપ્લાય કરવા માટે વાર્ષિક રૂા. ૩૦૦ લાખનો ખર્ચ, સેલ્ફ પ્રોપેલ્ડ રોડ સ્વિપર મશીન ૧ નંગ સપ્લાય કરી ૩ વર્ષ માટે રખરખાવ સહિતના કામ માટે રૂા. ૨૫૮ લાખ, ટ્રક માઉન્ટેડ રોડ સ્વિપર મશીન પાંચ નંગ, સપ્લાય કરી ૩ વર્ષના રખરખાઉ માટે રૂા. ૧૨૪૫ લાખ, તથા આરએન્ડ બી વિભાગ દ્વારા ૭૯ વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય દ્વારા સૂચવાયેલા કામ માટે રૂા. ૨૦૦ લાખ નો ખર્ચ મંજુર કરાયો હતો આમ કુલ રૂા. ૮૧ કરોડ ૦૫ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી

# વિક્ટર જીએચસીએલ દ્વારા વિશ્વ મહીલા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

## ૨૨૦ જેટલા લોકોએ ૫૦૦૦ પગલાઓ ચાલીને અનોખી પહેલ કરી



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** ૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મહિલાઓને માન-સન્માન આપવા,મહિલાની શક્તિને ઉજાગર કરવા તેની ક્ષમતાને ઉત્સાહિત તેમજ પ્રેરિત કરવા આ દિવસ ઉજવાય છે ત્યારે જીએચસીએલ દ્વારા મહીલાઓને સ્વરોજગારી સાથે આત્મગૌરવ પુર્ણ જીવનશૈલી મળે તે અર્થે કંપની પોતાની ઔધ્યોગીક સામાજીક જવાબદારી અંતર્ગત મહીલા ઉત્થાન,મહીલા આરોગ્ય અને આજીવિકા માટે મહીલા સશકિતકરણ કાર્યક્રમનું રાજુલા, જાફરબાદ, ખાંભા અને ભાવનગર આસપાસનાં ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ લોક કલ્યાણકારી પ્રવૃતીઓ કરી રહી છે આ વર્ષનાં મહીલા દિવસને ખાસ બનાવવા જીએચસીએલ દ્વારા એક અનોખી પહેલ હાથ ધરવામાં આવી હતી જે માટે અમદાવાદ સ્થિત આશીર્વાદ ફાઉન્ડેશન સાથે સંકલન કરીને નવોક ફોર હર કેમ્પેઇનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કેમ્પેઇનમાં એક વ્યક્તિ દ્વારા ૫૦૦૦ પગલાઓનાં દાન થકી એક મહીલાને બ્રેસ્ટ કેન્સરની તપાસ અને નિદાન માટે જરૂરી એવી મેમોગ્રાફી નિઃશુલ્ક મળશે આ વર્ષની મહીલા દિવસની પ્રેરીત સમાવેશ થીમને ધ્યાને લઇ જીએચસીએલ દ્વારા આ વર્ષનાં મહીલા દિવસને કંઇક ખાસ અને વિશિષ્ટ બનાવવા એક ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમા ૨૨૦ જેટલા લોકોએ ૫૦૦૦ પગલાઓ ચાલીને ૨૨૦ જેટલી મહીલાને ગરીબ અને મધ્યમ વર્ગની મહીલાઓ માટે મોંઘી એવી બ્રેસ્ટ કેન્સરની તપાસ માટેની મેમોગ્રાફી અને સારવાર સરળતાથી મળી રહે તે માટે યથાર્થ પ્રયત્ન કર્યો હતો આજના કાર્યક્રમમાં કંપનીના જનરલ મેનેજર જોષી,કોટેચાભાઈ, સી.એસ.આર હેડ રમેશ મકવાણા એ ખાસ હાજરી આપી હતી તેમજ ગુજરાત સરકારના આઇ.સી.ડી.એસ વિભાગનાં વડા નિતાબેન મહેતા અને કિર્તિબેન અમરેલીયા તેમજ આશીર્વાદ ફાઉન્ડેશના મિતાબેન જોષી મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા,કથીવદર, ચાંચબંદર, વિક્ટર, જોલાપર વિગેરે ગામની મહીલાઓ અને કિશોરીઓ,વિક્ટર ગામની પંચાયત સભ્યો તેમજ કંપનીનાં વોકેશનલ તાલીમ કેંદ્રના વિધ્યાર્થીઓ,સી.એસ.આર ટીમ, વિ.ટી.આઇ ટીમ અને એસ.એમ.સી.ડીની સમગ્ર ટીમ સાથે અંદાઝીત ૨૨૦ જેટલા લોકો સહભાગી બન્યા હતા.સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો.રવિ સોલંકીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ અને કાર્યક્રમનું સંચાલન સી.એસ.આર વિભાગનાં હનિફ કાળવાતર દ્વારા કરવામાં આવ્યુ હતુ

# મહાશિવરાત્રીના પાવન પર્વ પર શહેરના રાજમાર્ગ પર નીકળી ભગવાન શિવની શોભાયાત્રા



(તસ્વીરઃ આનંદ જાવિયા)


રાજકોટમાં શુક્રવારે મહાશિવરાત્રીની ઉજવણી કરાઈ હતી. દશનામ ગોસ્વામી સમાજ દ્વારા શિવરથયાત્રાનું આયોજન કરાયું હતું. રથયાત્રાના મુખ્ય રથમાં ભગવાન શિવ કેદારનાથ અને સોમનાથ જ્યોતિર્લિંગના સ્વરૂપે બિરાજમાન થયા હતા. આ રથયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી.શિવરથયાત્રાનું ઠેર– ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ શરબત,પાણી અને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. રથયાત્રામાં યુવાનો બાઈક અને કારના કાફલા સાથે જોડાયા હતા. તેમજ રાસ–ગરબા અને ધૂન મંડળીએ રમઝટ બોલાવી હતી.

## ગોકુલનગર આવાસ યોજનામાં આચરાયેલા કૌભાંડ મુદે તપાસના આદેશ

### આ પ્રકરણમાં મ્યુ.કમિશનરને તપાસ કરવાના આદેશ અપાયા છેઃમેયર નયનાબેન પેઢડીયાઃ તાત્કાલીક કોર્પોરેટરના પતિની ધરપકડ કરી જવાબદારો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવેઃમહેશ રાજપુત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટની ગોકુલનગર આવાસ યોજનામાં મનપાના નગરસેવિકાના પતિ દવારા આચરાયેલા કૌભાંડ મુદે શહેર ભાજપ તેમજ મનપા તંત્ર હરક્તમાં આવ્યું છે. શહેરમાં પોતાને જ સર્વસ્વ માનતા કેટલાક બની બેઠેલા સત્તાધીશો દવારા છાસવારે કૌભાંડ આચરવામાં આવી રહ્યા છે. ગઈકાલે ફરી એક્વાર શહેરમાં આવેલી ગોકુલનગર આવાસ યોજનામાં મનપાના જ કોર્પોરેટરના પતિદેવે કૌભાંડ આચર્યાનું સામે આવતા શહેર ભાજપમાં હડકંપ મચી જવા પામ્યો છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આ કૌભાંડની જાણ મેયર નયનાબેન પેઢડીયાને થતા તેઓએ જણાવ્યું હતું કે આ અંગે મનપા કમિશનરને તપાસ આદેશ કરાયો છે. તેમા જો કોઈ દોષી ઠરસે તો કડકમાં કડક પગલા ભરાસે ભાજપ શીસ્તબધ્ધ પાર્ટી છે. તેમાં ક્યારેય ગેર રીતી ચલાવી લેવાય નહીં આ કૌભાંડની જાણ થતા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ જણાવ્યું કે મનપામાં ૪૫ વર્ષના શાસનમાં ભાજપ દવાર પ્રમાણિક અને સ્વચ્છ વહિવટ કરાયો છે. આ કૌભાંડમાં જે કોઈ ક્સૂરવાર હશે તેમની સામે કડક પગલા ભરાસે વધુમાં પ્રદેશનું માર્ગદર્શન લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ભાજપના નગરસેવિકાના પતિ દવારા આચરવામાં આવેલા આ કૌભાંડ અંગે પ્રદેશ કોંગ્રેસના નેતા મહેશ રાજપુતે જણાવ્યું હતું કે આ સમગ્ર પ્રકરણ ગંભીર છે. તેની તપાસ કરી તાત્કાલીક કોર્પોરેટરના પતિની ધરપકડ કરી જવાબદારો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવે પોલીસ કમિશનર પણ આ બાબતે ઘટતું કરી પોતે ફરિયાદ દાખલ કરે.

## આજી નદીમાં બિરાજતાં રામનાથ મહાદેવના દર્શને ભાવિકોનું ઘોડાપુર ઉમટયું



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરમાં ગઈકાલે શિવરાત્રીનો પર્વ ધર્મોલ્લાસથી મનાવાયો હતો. વહેલી સવારથી જ રાજકોટના શિવમંદિરોમાં ભાવિકોની લાઈનો લાગી હતી. વધુમાં ગુરુવારે સવારે શિવયોગનો પણ સંયોગ હોય મંદિરોમાં પૂજન–અર્ચન, આરતી, મહાપૂજા, મહામૃત્યુંજય યજ્ઞ, લઘુરુદ્રી યજ્ઞ, ભજન–સત્સંગ, મહાઆરતી–મહાપ્રસાદ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો આખો દિવસ યોજાયા હતા. શહેરના ૪૦૦ વર્ષથી પ્રાચીન રામનાથ મહાદેવ મંદિરે પણ રાત્રે શિવભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઊમટી પડ્યા હતા. કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે લોકો સામાજિક અંતર જાળવવાને બદલે ભક્તિમાં એટલા લીન બની ગયા હતા કે ભીડમાં કોરોના ભુલાયો હતો. મહાશિવરાત્રીના દિને ભગવાન શિવની ચાર પ્રહરની વિશેષ પૂજા કરવામાં આવી હતી. રામનાથ મહાદેવની સાથે શહેરના મુખ્ય શિવમંદિરો પંચનાથ, જાગનાથ, ધારેશ્વર, મહાકાલેશ્વર સહિતના મંદિરોમાં પણ ભાવિકોની ભીડ જામી હતી.

## માંડા ડુંગરમાં ઉછીના આપેલા નાણાં લેવા આવેલા પ્રૌઢને ત્રણ શખ્સોએ ધોકાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલા મુંજકા વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલક આધેડે પૈસાની લેતીદેતીમાં ચૌધરી હાઈસ્કૂલ નજીક ફીનાઇલ પી લીધું હતું. આધેડની તબિયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મુંજકા ગામે રહેતા અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હકાભાઈ નાગદાનભાઈ બોરીચા નામના ૫૨ વર્ષના આધેડ ત્રણેક વાગ્યાના અરસામાં ચૌધરી હાઈસ્કુલ ચોક નજીક જૈન દેરાસરની બાજુમાં હતા ત્યારે ફિનાઈલ પી લીધું હતું હકાભાઈ બોરીચાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં હકાભાઈ બોરીચા તેના મિત્રની પૈસાની લેતી દેતીમાં વચ્ચે રહ્યા હતા જે મિત્રની પૈસાની લેતી દેતીમાં ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અને બીજા બનાવમાં સંત કબીર રોડ ઉપર આવેલા ગોકુલનગરમાં રહેતા રમેશભાઈ ત્રીકમગીરી કચ્છીભાનુશાળી નામના ૫૫ વર્ષના આધેડ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં સંત કબીર રોડ ઉપર આવેલા હિંગળાજ માતાજીના મંદિર વાળી શેરીમાં હતા. ત્યારે ગોપાલભાઈ કટારીયાએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. આધેડને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજકોટ મનપાના ઈઝીલી અવેલેબલ સ્ટે. ચેરમેન જયમીન ઠાકરનો કાલે જન્મ દિવસ



જયમીન ઠાકર ૧૯૯૬ થી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા ત્યારે લોકોની સેવાનો સંકલ્પ કરેલ, ત્યારથી સક્રિય રાજકારણમાં પ્રવેશ કરી આજ દિવસ સુધી અવિરતપણે લોકસેવામાં કાર્યરત છે. તેઓએ બે વર્ષ સુધી ભાજપ કાર્યાલયની જવાબદારી સંભાળ્યા બાદ યુવા ભાજપમાં શહેર મંત્રીનો હોદ્દો સંભાળ્યો હતો અને પછી મહામંત્રી તરીકેની ફરજ નિભાવી યુવા ભાજપ પ્રમુખની મહત્વની જવાબદારી પણ સંભાળી હતી. તેઓએ વોર્ડ નં.૨ ના શહેર ભાજપ પ્રભારી તરીકે પણ સફળ કામગીરી કરેલ છે. તેઓ પાર્ટી આદેશને સર્વોપરિ માનીને છેલ્લા ૨૮ વર્ષથી ભાજપમાં સક્રિય રીતે કાર્યરત છે. ઇઝીલી અપ્રોચેબલ, ઇઝીલી અવેલેબલ'નો મંત્ર જેમણે આત્મસાત કરેલ છે, એવા શ્રી જયમીન ઠાકર સતત ૨ ટર્મથી કોર્પોરેટર પદે ચુંટાય છે. ૨૦૧૫માં ભાજપના કોર્પોરેટર તરીકે ચુંટાયા ત્યારથી આજ સુધીમાં સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન તરીકે શહેરીજનોને ગીત–સંગીત, રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમોની યાદગાર ભેટ આપેલ છે. બાદમાં ૨૦૧૯માં આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે તેઓએ જાહેર આરોગ્યની સુરક્ષા માટે મોટી સંખ્યામાં આરોગ્ય કેમ્પોનું આયોજન કરાવેલ છે. તેમજ શહેરીજનોને મોંઘી સારવારમાં આર્થિક મદદ માટે હજારો પરિવારોને માઁ અમૃત્તમ અને માઁ વાત્સલ્ય કાર્ડ આપવાના મેગા કેમ્પોનું સફળ આયોજન કરાવેલ છે, અને આજે પણ આ યોજનાના લાભો સેંકડો પરિવારોને પ્રધાનમંત્રી આયુષમાન ભારત યોજના હેઠળ મળી રહ્યા છે.કોરોના ના કપરા કાળ દરમ્યાન પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર સતત લોકોની વચ્ચે રહીને અનેકવિધ સેવાકાર્યો કરેલ છે.

## પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ સાથે લઈ જ્વા પર પ્રતિબંધઃ સીપીનું જાહેરનામું

### પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાશે પેપર ન ફુટે તેના પર ખાસ ધ્યાન રાખવામાં આવશેઃ ઓળખ કાર્ડ વગર પ્રવેશ નહિ મળે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહીત રાજયમાં તા.૧૧ ના રોજ બોર્ડની પરીક્ષા અંગે પોલીસ કમીશન રાજુ ભાર્ગવે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ હતુ જેમા પરીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ ઉપરાંત સુપરવાયઝરો પણ મોબાલઈ સાથે પ્રવેશી શકશે નહી તેમજ ઓળખ કાર્ડ સાથે રાખવા અંગે પણ સુચનો કર્યા હતા અને ઓળખ કાર્ડ વગર કેન્દ્રમાં કોઈ પણ પ્રવેશ નહી કરી શકે. તેમજ પરીક્ષા અંગે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે અને પરીક્ષા કેન્દ્રો આસપાસ પોલીસની વોચ રખાશે તે ઉપરાંત પેપર ન ફુટે તે અંગે પણ નજર રાખવાની



રાજકોટમાં બોર્ડની પરીક્ષા અંગે પોલીસ કમીશનર દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ હતુ જેમા પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજીયામાં વધુ લોકોને એકઠા થવુ નહી તેમજ ૧૦૦ મીટરની ત્રિજીયામાં સ્ટેશનરી કે વેપારીએ ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી તેમજ કેન્દ્રમાં વાહનો લઈને કોઈ આવી શકશે નહી તેમજ પરીક્ષા કેન્દ્ર માં પરીક્ષાર્થીઓ એ પરીક્ષાને લગતુ કોઈ સાહીત્ય મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનીક વસ્તુઓ સાથે પ્રવેશી શકશે નહી તેમજ સુપર વાયરઝરો પણ મોબાઈલ ફોન સાથે લઈ આવવા નહી અને ઓળખકાર્ડ સાથે રાખવા અને કાર્ડ વગર કોઈને પ્રવેશ આપવામાં આવશે નહી તેમજ પરીક્ષા કેન્દ્ર આસપાસ ૧૦૦ મીટરની ત્રિજીયામાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં. તેમજ પરીક્ષા કેન્દ્ર પર પોલીસ,એસઅ તરપી,હોમગાર્ડ,જીઆરડી સહીતના અધીકારીઓ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. તેમજ અન્ય પોલીસની ટીમ બનાવી પરીક્ષામાં પેપર ફુટે નહી તે અંગે પણ નજર રખાશે.

## મધ્યરાત્રિએ પ્રેમીને મળવા ઘરેથી નીકળી ગયેલ કિશોરીનું તેના પરિવાર સાથે ૧૮૧ની ટીમે કરાવ્યું મિલન

### મહિલાઓ ની મદદ માટે સતત રાત–દિવસ કાયેરત રહેતી અભયમ મહિલા હેલ્પલાઈન સેવા ખરેખર બહેનો માટે આશીર્વાદરૂપ બની

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ વહેલી સવારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન માં જાગૃત નાગરિક દ્વારા કોલ કરવામાં આવેલ કે એક અજાણી કિશોરી મોરબી લાલપર ગામે રોડ પર ૦૨ કલાક થી આમ તેમ આંટા ફેરા કરે છે તેમજ તેઓ મુજાયેલ હોય તેવું લાગે છે અને ખૂબ જ ગભરાયેલા છે ત્યાંના લોકોએ પુછપરછ કરી પરંતુ કિશોરી કાંઈ પણ કહેતી નથી અને કાંઈ પણ બોલતી નથી અને ખૂબ જ રડે છે અને કિશોરી ચિંતામાં છે તેથી તેમની મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ની જરૂર છે.

જેના પગલે ૧૮૧ ટીમના કાઉન્સિલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ રીટાબેન પરમાર તેમજ પાયલોટ જીગરભાઈ શેરઠીયા ઘટના સ્થળે મહિલા ની મદદ માટે પહોંચ્યા હતાં કિશોરી ને ત્યાં ના લોકોએ સુરક્ષિત જગ્યાએ બેસાડેલા હતાં સૌપ્રથમ કિશોરી ને સાંત્વના આપી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો.

ત્યારબાદ કિશોરી નું કાઉન્સિલીગ કરતા તેમણે જણાવેલ કે તેમને એક મધ્યમ પ્રદેશ ના એક પુરુષ સાથે છેલ્લા બે

CALL 181 WOMEN HELPLINE ADVICE • RESCUE • COUNSELING

મહિનાથી પ્રેમ સંબંધ છે તે પુરુષ કિશોરી ને ફોન કરીને મધ્ય પ્રદેશ મળવા માટે બોલાવતા હોય કિશોરી તેમની બહેનપણી ના ફોન માંથી તે યુવક સાથે વાતચીત કરતી હોય કિશોરી પાસે ફોન ના હોય તેથી ક્યાં જવું,શું કરવું, કેવી રીતે જવું, ક્યાંથી જવું,બસ કેવી રીતે મળશે,કેટલા ટાઈમે બસ મળશે, ક્યાંથી ટ્રેન મળશે, બસમાં જવ કે ટ્રેન માં જવ તેવા અનેક પ્રકારના પ્રશ્નોથી કિશોરી મુજાયેલી હાલતમાં હતી. ત્યારબાદ ૧૮૧ ટીમે કિશોરી ને મધ્ય રાત્રિએ આવી રીતના ક્યારેય પણ ઘરેથી નીકળી ન જવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવી.

ત્યારબાદ તેમના માતા પિતા નું સરનામું પુછેલ અને તેમના પરિવાર નો કોન્ટેક્ટ નંબર મેળવેલ તેમજ ચોક્કસ માહિતી મેળવવા માટે આધાર પુરાવા માંગેલ પુરાવા યોગ્ય લાગતા પિતા સાથે વાતચીત કરેલ અને તેમના ઘરે ગયેલા બાદમાં કિશોરી એ જણાવેલ કે તેમના પિતા દરજીકામ કરે છે અને તેમના માતા ઘરકામ કરે છે તેમજ કિશોરી ને એક ભાઈ છે કિશોરી ના પરિવારે જણાવેલ કે આજથી એક મહિના પહેલાં તે યુવક સાથે ફોન માં વાત કરતી હોય તેવી ખબર પડી તે દિવસ થી ફોન આપતા નથી તેથી ઘરમાં બધા સાથે ગેરવર્તન કરે છે અને તેની બહેનપણી ના ફોન માંથી વાત કરે છે તેમના પરિવારે જણાવેલ કે અમારી જાણબહાર તેમની દિકરી ઘરેથી કોઈ ને પણ કહ્યા વગર નીકળી ગયેલ અને અમને ખબર પણ નથી.ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા કિશોરી અને તેમના પરિવારજનોનું કાઉન્સિલિંગ કરી અને કિશોરીને પરિજનોને સોંપેલ કિશોરી ના પરિવાર જનોએ તેમની દિકરી ને સહી સલામત તેમના ઘરે પહોચાડવા બદલ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

### મોરબીમાં વધુ એક ભ્રષ્ટાચારની ચાડી ખાતો બનાવ સામે આવ્યો

# નવનિર્માણાધીન મેડિકલ કોલેજની કામગીરી દરમિયાન છતનો સ્લેબ કડડભૂસ થતા પાંચ શ્રમિક ઈજાગ્રસ્ત

### છતના કાટમાળમાં એક શ્રમિક દટાય જતા શ્રમિકને રેસ્ક્યુ હાથ ધરી બચાવી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી–રાજકોટ રોડ ઉપર શનાળા ગામ નજીક નવી બની રહેલ મેડિકલ કોલેજની કામગીરી દરમિયાન છત તૂટી પાડવાની ઘટના સામે આવી હતી. ગઈકાલે રાત્રીના આશરે ૯ વાગ્યે કામગીરી દરમિયાન છત તૂટી પડી જતા તેમાં કુલ પાંચ શ્રમિકો ઈજાગ્રસ્ત થતા તેમને મોરબી સરકારી હોસ્પિટલ તથા ખાનગી હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાયા હતા જયારે એક શ્રમિક પડી ગયેલ છતના કાટમાળમાં ફસાયેલ જેને મોડીરાત્રીના રેસ્ક્યુ હાથ ધરી હેમખેમ બહાર કાઢયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારી આલા અધિકારીઓની બેદરકારી તથા જે કામ થઇ રહ્યું છે



તેમાં એન્જીનીયરો તરફથી કામગીરી ઉપર પૂરતું ધ્યાન ન આપવાને કારણે સમગ્ર દુર્ઘટના બની હોવાનું શ્રમિકો દ્વારા જણાવાયું છે. ત્યારે સમગ્ર દુર્ઘટનામાં હાલ સરકાર દ્વારા ક્યાં પ્રકારના પગલા લેવાશે કે પછી બનેલ દુર્ઘટનામાં ભીનું સંકેલાઇ જશે? તે આવનારા સમયે જોવાનું રહ્યું.

મોરબી રાજકોટ રોડ ઉપર નિર્માણાધીન મેડિકલ કોલેજની કામગીરી દરમિયાન મહાકાય છતનો સ્લેબ ધરાશાયી થયો હતો. છત બનવાની કામગીરીમાં કુલ ૧૪ જેટલા શ્રમિકો સ્થળ ઉપર કામમાં જોડાયેલા હતા. ત્યારે રાત્રીના આશરે ૯ વાગ્યાના સુમારે આખી મહાકાય છતનો સ્લેબ બેસી ગયો હતો. જેમાં શ્રમિક કમલેશ વાખલ, મનીષ મગનભાઈ, અરુણ પાસવાન અને લેબર કોન્ટ્રાક્ટર સંજય મારકણા નામના ચાર શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા જેને મોરબી સરકારી હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયા હતા જયારે સુનિલ શાહુ નામના એક શ્રમિક મહાકાય છતના કાટમાળમાં દબાય ગયેલ હાલતમાં ફસાયો હતો જેને કલાકોની બચાવ કામગીરીની મહેનત બાદ મોડીરાત્રીએ હેમખેમ બહાર કાઢી લેવામાં સફળતા મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મેડિકલ કોલેજની મહાકાય છતનો સ્લેબ તૂટી પડતા હાજર અધિકારીઓ ત્યાંથી પલાયન થઇ ગયા હતા અને દુર્ઘટના થયાને કલાકો બાદ મોરબી જીલ્લા તંત્ર દ્વારા સ્થળ ઉપર બચાવ કામગીરી કરવા પહોંચ્યા હતા. બીજીબાજુ કરોડો રૂપિયાના સરકારી કામગીરીમાં દુર્ઘટના વખતે એક પણ ઉચ્ચ અધિકારી કે કોન્ટ્રાકટર જોવા મળ્યા ન હોવાનો કોંગ્રેસપક્ષના મનોજભાઈ પનારાએ આક્ષેપ કરી અકસ્માત સમયે સેવાભાવી લોકોએ ગેસ કટર સહિતની વ્યવસ્થા ગોઠવી શ્રર્મિકોના જીવ બચાવવા પ્રયાસો કર્યા હોવાનું જણાવી સરકારી તંત્રની પોલ ખોલી હતી. ત્યારે સ્લેબ દુર્ઘટના સ્થળે ટંકારા–પડધરી ધારાસભ્ય પહોંચી ગયા હતા જેને મીડિયા સાથેની વાતચીતમાં નિર્માણાધીન મેડિકલ કોલેજની કામગીરીમાં બેદરકારી દાખવનાર તમામ વિરુદ્ધ સરકારમાં આ અંગે અહેવાલ આપવામાં આવશે અને તમામ વિરુદ્ધ કાયદાકીય પગલા લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સાયલા પાસે આંગડિયા લૂંટના ગુન્હામાં રાજકોટના નામચીન શખ્સ સહિત ચાર શખ્સો ઝડપાયા

## સુરેન્દ્રનગર એલસીબી, એસઓજી અને વડોદરા ક્રાઇમ બ્રાંચે સંયુક્ત કામગીરી કરી રૂા.૪૭.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય આઠ શખ્સોની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇવે પર બનેલ લૂંટનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી પોલીસે રાજકોટ અને અમદાવાદના ચાર શખ્સોની ધરપકડ કરી ગુનામાં વપરાયેલ ત્રણ ફોર વ્હીલ કાર તથા એક મોટરસાયકલ અને એક પીસ્તોલ, તમંચો ઉપરાંત લૂંટાયેલ રૂ.૪૭,૮૨,૮૯૫ની કિંમતની ૭૩ કીલો ૫૮૩ ગ્રામ ચાંદી કીમત ઈમીટેશન જવેલરી સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ લૂંટનો ભેદ ઉકેલવા માં સુરેન્દ્રનગર જીલ્લા પોલીસના એલસીબી, એસઓજી, પેરોલ ફર્લો સ્કોર્ડ અને વડોદરા ક્રાઇમ બ્રાંચની ટીમે સયુક્ત કામગીરી કરી હતી. લૂંટમાં સંડોવાયેલ અન્ય આઠ શખ્સોના નામ ખૂલ્યા હોય જેની ધરપકડ માટે તાપસ શરૂ કરી છે.



નારોલની એચએલ કાર્ગો કંપનીની બોલેરો પીકઅપ GJ-01-HT-8251, જે ઈમિટેશન જવેલરી, તથા ચાંદીના પાર્સલો લઈ રાજકોટ જવા માટે નીકળ્યું હતુ તે ગાડી અમદાવાદ રાજકોટ હાઈવે પર જશનાળી ગામના પાટિયા પાસે પહોંચી ત્યારે રસ્તામાં આંતરી કુરિયરની પીકઅપ ગાડીના ડ્રાઈવર અને ક્લિનરને બંદૂક જેવા હથિયાર દેખાડી લૂંટ ચલાવવામાં આવી હતી. જેમાં અલગ અલગ વજનના કુલ ૨૩ પાર્સલો મળી રૂ.૬૯,૮૬,૧૫૮ લૂંટ થઈ હતી. તપાસમાં આ લૂંટમાં ૭ થી ૮ શખ્સોની સંડોવણી હોવાનું અને લૂંટમાં GJ-03-JL-1701 તથા GJ-03-KC-0786 રાજકોટ પાસીંગની કારનો ઉપયોગ થયો હતો.

અલગ અલગ ટીમો બનાવી તપાસ કરતાં આ લૂંટમાં સુરેન્દ્રનગર ધર્મેશ ઉર્ફે ધમો ગણેશભાઈ ઝીંઝુવાડીયાની સંડોવણી બહાર આવ્યા બાદ તેની ધરપકડ કરી તપાસ કરતાં તેની પાસેથી રૂ. ૧૨,૮૪,૮૫૦ ૧૮ કીલો ૩૫૫ ગ્રામ ચાંદી મળી આવેલ. તેમજ આ ગુનામાં ઉપયોગ થયેલ મારૂતી સ્વીફ્ટ ગાડી GJ13KR2115 કબ્જે કરી હતી જેમાંથી તમંચો તથા એક જીવતો કાર્ટીસ મળી આવ્યો હતો. જેની પૂછપરછમાં અન્ય આરોપીના નામ ખૂલ્યા હતા જેમાં વડોદરા શહેર ક્રાઇમ બ્રાંચની મદદથી અન્ય એક કાર GJO1WJ6186 સાથે ૩ શખ્સોની ધરપકડ કરી ૫૫.૨૨૮ કી.ગ્રા. ચાંદી તથા અન્ય ઘરેણાની વસ્તુઓ ૨.૦૯૫ કી. ગ્રા. કબ્જે કરી ધર્મેશ ઉર્ફે ધમો ગણેશભાઈ ઝીં ઝુવાડીયા ઉપરાંત અમદાવાદના ફરીદ સુલેમાન મોમીન, રાજકોટના ભવગતીપરા સોસાયટી શેરીનં.૭માં રહેતા આરીફ મહમદભાઈ સોરાની ધરપકડ કરી હતી. જ્યારે લૂંટમાં સંડોવાયેલ અન્ય શખ્સો અમદાવાદના શીવા ઉર્ફે મહાલીં ગમ ઉર્ફે આફતાબ મુરગ્યન પીઠાઈ, સીકંદર હાસમ લંઘા, મજીદખાન મેદાદખાન પઠાણ, મુંબઈના ફીરોજખાન ઉર્ફે લંગડો રજુદ્દીન શેખ, શોએબ (ફીરોજનો ભત્રીજો), ફીરોજ સાથે આવેલા અજાણ્યા ઇસમોની ધરપકડ માટે તપાસ શરૂ કરી છે.

# ઉલટી થવાનું નાટક કરી મુસાફરોના ખીસ્સા હળવા કરતી રીક્ષા ગેંગના બે સાગરીત ઝડપાયા

## રેલનગરમાં પ્રગતી સ્કૂલ પાસે દેશી બનાવટની પિસ્તોલ સાથે શખ્સની ધરપકડ


**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના અલગ અલગ વિસ્તારોમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા ગઠીયાઓ ઉલટી થવાનું નાટક કરી મુસાફરોના ખીસ્સા હળવા કરતી રીક્ષા ગેંગના બે સાગરીકોને ઝડપી લેવામાં માલવિયાનગર પોલીસને સફળતા મળી છે.

આ અંગેની પોલીસમાં મળતી માહિતી મુજબ માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈ તથા એમ.ડી.ગઢવીની સુચનાથી પીએસઆઈ ડી.એસ.ગજેરા, હેડ કોન્સ.અજયભાઈ, રવિભાઈ, કૃષ્ણદેવસિંહ, જયદેવસિંહ, ભાવેશભાઈ ગઢવી, અંકિતભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે પોલીસને ખાનગી બાતમીદારો મારફતે હકીક્ત મળી હતી કે રીક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેસીને અન્ય મુસાફરોના પાકીટ સેરવી લેતી રીક્ષા ગેંગ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી ફોરચ્યુન હોટલ સામે ઉભી હોવાની બાતમીના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળેથી ઓટો રીક્ષા નં.જીજે૩બીયુ૮૩૯૯માં ચુનારાવાડ ચોક દુધસાગર રોડ પર શિવાજીનગરમાં રહેતો અજય રાજુ મકવાણા અને ભાવનગર રોડ પર મનહરપરામાં રહેતો સાગર ધીરુ રાઠોડ નામના બે શખ્સોને દબોચી લઈ રીક્ષા સહિત રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જ્યારે અન્ય એક બનાવમાં એસઓજી ટીમના પીઆઈ જે.એમ.કૈલાની રાહબરી હેઠળ હેડ કોન્સ.ઈન્દ્રસિંહ જાડેજા કોન્સ.હાર્દિકસિંહ પરમાર સહિતનો સ્ટાફ રેલનગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે પ્રગતિ સ્કૂલ પાસે આવેલ વેકરીયા ચોકમાં એક શખ્સ હથિયાર સાથે ઉભો હોવાની હકીક્તના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળેથી શાહરૂખ સિરાજ જુણેજા (રહે.રેલનગર સોસાયટી બાલાજી પાર્ક)નામના શખ્સને દબોચી લઈ તેની તલાશી લેતા તેની પાસેથી દેશી બનાવટની પિસ્તોલ કિંમત રૂ.૨૫ હજારની અને જીવતા કારતુસ નંગ ત્રણ કિંમત રૂ.૩૦૦ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી ગેરકાયદે હથિયાર કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.





# જસદણના ભાડલા ગામે તસ્કરોના ધામાઃ બે દિવસમાં ચાર મકાનના તાળા તુટયા

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ તાલુકાના ભાડલા ગામમાં તસ્કરો બેફામભાડલા ગામમાં ધોળા દિવસે બંધ મકાનના તાળા તોડી તસ્કરો ત્રાટકયા ચોરી કરી હતીભાડલા પોલીસને ખુલ્લો પડકાર કરતા તસ્કરોભાડલા ગામની અંદર ચારથી પાંચ મકાનના તાળા તૂટ્યાસમગ્ર ઘટના ઈઈઝટ કેમેરામાં



કેદભાડલા પોલીસે તસ્કરોને પકડવા ચક્ર ગતિમાન કર્યા. જોકે હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાય નથી ચોરી કરનાર તસ્કર સીસીટીવી કેમેરા માં કેદ થયો હતો જેના વીડિયો પણ વાયરલ થયો હતો ભાડલા પોલીસ એ સીસીટીવી નાં આધારે તસ્કર ને પકડવા ચક્રોગતિમાન કર્યા છે.

# સામાકાંઠે ભગવતીપરા વિસ્તારમાં પોલીસનું ફ્લેગમાર્ચ

## ડીસીપી પરમાર, એસીપી બારૈયા, પીઆઈ જાડેજા અને બીએસએફના જવાનો દ્વારા સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગ માર્ચ યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી સમયમાં લોકસભા ચૂંટણી આવી રહી છે. તે પહેલા તોફાની તત્વોને ડામવા અને સંવેદનશીલ વિસ્તારોમાં કોઈ ખાના ખરાબી ન સર્જાય તે અંગેની કાળજી રાખવા પોલીસ કમિશનરની સૂચનથી બીએસએફના જવાનો સાથે બી ડિવિઝન પોલીસ મથક હેઠળ આવતા સંવેદનશીલ વિસ્તારોમાં અધિકારીઓ અને જવાનોએ હલેગમાર્ચ યોજી

હતી. શિવરાત્રીના દિવસે શહેર પોલીસ દ્વારા બી-ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલ સંવેદનશીલ વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ સાથે







બીએસએકના જવાનોએ પણ અલગ-અલગ વિસ્તારોમાં જઈ વાતાવરણ શાન્ત બની રહે તે માટે ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી.જેમા સામાકાંઠે આવેલ ભગવતીપરા ચોકી, ભેડીપરા ચોકી વિસ્તારમાં ડીસીપી ઝોન-૧ સજનસિંહ પરમાર, એસીપી બારૈયા સાહેબ, પી.આઈ. એસ.એમ.જાડેજા પીએસખાઈ પી.સી.સરવૈયા તેમજ ડી. સ્ટાહ સહિતના સ્ટાઠે બીએસએહના જવાનો સાથે સમગ્ર પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગ કરેલ હતું. ઉલ્લેખનીય છે કે શહેરમાં પ્રતિદિન મારામારી જેવા બનાવો સામાન્ય બની રહ્યા હોય ત્યારે પોલીસે પણ ચૂંટણી પુર્વ અસામાજીક તત્વો સામે એક ફુલપુક પ્લાન બનાવ્યો હોય તેમ શહેરના અક્ષગ-અલગ વિસ્તારોમાં તેમાં પણ ખાસ સંવેદનશીલ વિસ્તારોમાં કાયમના માટે વાતાવરણ શાન્ત રહે અને લોકશાહીના પર્વમાં કોઈપણ જાતની અનિછનીય ઘટના ન ઘટે તે માટે રશહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ એક્શન મોડમાં આવી અને અલગ-અલગ વિસ્તારોમાં ઉચ્ચ અધિકારીઓ સાથે રાખી કલેગ માર્ચ અને ફૂટ પેટ્રોલીંગના આયોજન કરવામાં આવી રહ્યા છે.

# અજાણી નિઃસહાય મહિલાને આશ્રય અપાવતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખઃ- ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ એક જાગૃત નાગરિક વ્યક્તિ દ્વારા ૧૮૧ પર કોલ આવેલ કે એક અજાણી મહિલા મળી આવેલ હોય માટે મદદની જરૂર છે.



તાતકાલિક ૧૮૧ ગોંડલ સ્થિત૧૮૧ ટીમના કાઉન્સેલર ચૌધરી લતાબેન તેમજ કોન્સ્ટેબલ માનુ બેન તથા પાયલોટ લક્ષ્મણભાઈ ઘટના સ્થળે પોંહચેલ અને મહિલા પાસે જઈ સૌ પ્રથમ તો તેમને સાંત્વના આપેલ. ત્યારબાદ તેમનું કાઉન્સિલિંગ કરેલ જેમાં મહિલા તેમનું સરનામું કે તેમના વિશે માહિતી આપી શકતા ન હોય. અને અલગ અલગ ત્રણ થી ચાર જીલ્લાનું નામ બતાવેલ હોય. માટે ટીમ દ્વારા વધુ પ્રયત્ન કરવામાં આવેલ પરંતુ તેઓ ક્યા રહે છે. એ જણાવી શકતા ન હતા.અને રડતાં જ હોય. ત્યારબાદ સજજન વ્યકિત એ જણાવેલ કે તેઓ રાતે ૦૯ :૦૦ વાગ્યા થી તેમના હોટલે બેઠા હોય અને પુછપરછ કરવા છતાં કઈ બોલતા નહોય. આથી ૨૩ :૩૭ એ ૧૮૧ માં કોલ કરેલ હોય મદદ માટે. અને પીડિત મહિલા શુ બોલે કોઈ ને ખબર પડતી ન હોય. આજુ બાજુ મા વાડી વિસ્તાર માં કામ કરતાં મંજુરોને બોલાવી પુછપરછ કરી હોય પરંતુ કોઈ ઓળખતું ન હતું ત્યારબાદ પીડિત એ જણાવેલ કે તેઓ અહિના નથી.તેમનુ કોઈ જાણીતા પણ નથી તેવું જણાવેલ હોવાથી તેમને કાઉન્સિલિંગ તેમજ આશ્રય અને લાંબા ગાળાના કાઉન્સિલિંગની જરૂર હોવાથી ગોંડલ સખી વન સ્ટોપ સેન્ટર માં આશ્રય અપાવવામાં આવેલ છે. અને ત્યાંના સરપંચ તથા સજ્જન વ્યકિત દ્વારા આભાર તથા અભયમ્ ની માનવતા ભરી કામગીરી ની પ્રશંસા કરી હતી.

# ઊનામાં રૂા.૩૭ હજારના દારૂ-બિયર સાથે એક શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, ઊના**

ઉના ગીર સોમનાથ જિલ્લા પોલીસ મનોહરસિંહ જાડેજાએ જિલ્લામાં દારૂ જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરવા અને પ્રવૃત્તિ કરનારાઓ વિઢદ્ધ સખત કાર્યવાહી કરવા સૂચના કરેલ હોય જે અનુસંધાને પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા એએસપી જીતેન્દ્ર અગ્રવાલ, ઉના પીઆઈ એમ.એન. રાણા, પી.એસ.આઈ. એચ.એલ. જેબલિયાની સૂચના હેઠળ ઉના પોલીસ મથકના જોરૂભા મકવાણા, ભાવેશ ખસિયા સહિતનો સ્ટાફ સનખડા આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. એ દરમ્યાન પોલીસ સ્ટાફના વિજય ચૌહાણ તથા રાહુલ છેલણાને સંયુક્ત બાતમી આધારે સનખડા ગામમાં આવેલ સરકારી દવાખાના પાસે અધિક્ષક રહેતો યોગેશ કરણા રાઠોડના રહેણાકિય ઘરમાં દારૂ હોવાની ચોક્કસ બાતમી મળતા ત્યાં પોલીસે રેઈડ કરી હતી. આ રેઈડ દરમ્યાન યોગેશ કરણા રાઠોડના રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની નાના-મોટી નં. ૧૭૩ બોટલ તેમજ બિયર નંગ ૨૭ મળી કુલ ૩૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી યોગેશ કરણાભાઈ રાઠોડ તથા આ દારૂનો જથ્થો પૂરો પાડનાર નિકુંજ ઉર્ફે નિકો નરેન્દ્રભાઈ છોડવડીયા રહે. પાતાપુર વાળો મળી કુલ બે બૂટલેગરો વિરૂધ્ધ ઉના પોલીસમાં ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરવા પી.આઈ. એમ.એન. રાણાએ કાર્યવાહી કરેલ છે.



# ગોંડલના બાંદ્રા ગામે દીવાલ સાથે ટ્રેક્ટર અથડાતા પાડોશીઓ વચ્ચે મારામારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના બાંદ્રા ગામે ઘર પાસે રાખેલ પથ્થરના બેલાને કારણે ટ્રેક્ટર દિવાલ સાથે અથડાતા જે બાબતે બે પાડોશી માથાકૂટ થયા બાદ સામે સામે હુમલા થયા હતાં જેમાં ૬ વ્યક્તિને ઈજા પહોંચી હતી.

આ અંગેની માહિતી મુજબ પીજીવીસીએલમાં ઈલેક્ટીક આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા દિલીપભાઈ ગોગનભાઈ મકવાણાની ફરિયાદને આધારે હર્ષદ હરજીભાઈ મકવાણા, હરજીભાઈ રૂડાભાઈ મકવાણા, પુનાબેન હરજીભાઈ, સંગીતાબેન હરજીભાઈ અને સાધનાબેન હરજીભાઈ સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે સામાપક્ષે રીક્ષા ડ્રાયવર હર્ષદભાઈ હરજીભાઈ મકવાણાની ફરિયાદને આધારે દિલીપ ગોગનભાઈ મકવાણા, જયાબેન દિલીપભાઈ મકવાણા, જયશ્રીબેન ગોગનભાઈ, ચંપાબેન ગોગનભાઈ અને કેતન ગોગનભાઈ સામે ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે દિલીપભાઈએ ઘર પાસે ચુના પથ્થરના બેલા રાખ્યા હોય ત્યારે અજાણ્યા ટ્રેક્ટર ચાલકે પાડોશીની દિવાલ સાથે અકસ્માત કરી જતો રહ્યો હતો જે બાબતે બન્ને પાડોશી વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મારામારી થઈ હતી.

# જામનગર રોડ પર ઘંટેશ્વર ૨૫ વારિયા કવાર્ટરમાં યુવાનનો આપઘાતનો પ્રયાસ

## પ્રેમિકાના પિતાએ પોલીસમાં અરજી કરતા યુવાને આ પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ઘંટેશ્વર વિસ્તારમાં રહેતા યુવકની પ્રેમિકાના પિતાએ પોલીસમાં અરજી કરતા યુવાને ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવાનને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ ઉપર આવેલા ઘંટેશ્વર વિસ્તારમાં ૨૫ વરીયામાં રહેતા રાહુલ અરવિંદભાઈ મકવાણા નામનો ૧૯ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે બપોરના બેએક વાગ્યાના અરસામાં ફીનાઈલ પી લીધું હતું. યુવાનને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં ફીનાઇલ પી લેનાર રાહુલ મકવાણાને પડોશમાં રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. 'અને યુવતીના પિતા બંનેના લગ્ન માટે સંબંધ ન હોવાથી પુત્રીના પ્રેમી રાહુલ મકવાણા વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં અરજી કરી હતી. જેથી રાહુલ મકવાણાને માઠું લાગતા ફીનાઇલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.



# અજાણ્યા નંબર પરથી આવેલી લીંક કે એપ્લીકેશન પર કલીક ન કરવા પોલીસ તંત્રએ શહેરીજનોને કરી અપીલ

જામનગર સાયબર ક્રાઈમ પોલીસ તરફથી લોકોને સત્તર્ક અને સુરક્ષીત રહેવા અપીલ કરવામાં આવી છે. આ મેસેજ દવારા સાયબર ક્રાઈમનો ભોગ લોકો ન બને તે માટે પોલીસ દવારા એક ફોટો વાયરલ કરી જણાવવામાં આવ્યું છે કે ઉપરોક્ત ફોટામાં જણાવેલ મુજબનો ફેક મેસેજ જો તમને આવે તો લીંક ઉપર ક્યારેય ક્લીક કરવું નહીં યાદ રાખજો બેંકમાં કેવાયસી અપડેટ માટે,ક્રેડીટ કાર્ડ કે ડેબીટ કાર્ડની કોઈ માહિતી માટે બેંકનો રૂબરૂબ સપર્ક કરવાનો આગ્રહ રાખવો અજાણ્યા નંબર પરથી આવેલ લીંક કે એપ્લીકેશન પર ક્યારેય ક્લીક કરવું નહીં સતર્ક રહો સુરક્ષીત રહોનો મેસેજ પોલીસ દવારા લોકો માટે વાયરલ કરવામાં આવ્યો છે.




# સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમાં આવેલી સોફટવેર કંપનીની ઓફિસમાં રૂા.૯ લાખની લૂંટનું નાટકઃ પોલીસ ધંધે લાગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમાં આવેલ ઓફિસમાં સોફટવેર કંપનીના અધિકારીઓએ દરોડો પાડી ૯ લાખ લઇ ભાગી ગયાની કંટ્રોલમાં જાણ થતા પોલીસે ત્રણેયને સકંજામાં લઈ તપાસ કરતા ફોન કરનાર શખસે ખોટી માહિતી આપી પોલીસને ગેરમાર્ગે દોર્યાનું ખૂલતા બે સામે એનસી ગુનો નોંધ્યો હતો. પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ કાલાવડ રોડ પર રહેતા કૃણાલ ભુપેન્દ્રભાઈ મહેતાએ કંટ્રોલરૂમમાં ફોન કરી તેના ભાઈ હેમાંગની ઓમ ઈન્ફોટેક ડિઝાઈન પ્રા.લી. નામની સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સ્થિત ઓફિસમાં જી જે ૦૩ બી ઝેડ ૦૫૩૪ નંબરની કાર લઈને આવેલ ત્રણ શખસોએ પાયરેટેડ સોફ્ટવેર વેચો છો કહી ચેકિંગ કરી ૯ લાખ રોકડ લઈ ગયાનું જણાવતા ગાંધીગ્રામ ડીસીબી, એલસીબી સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને કાર શોધી ચેક કરતા ત્રણ શખસો મળી આવતા ત્રણેયને ફરી ઓફિસે લઈ જતા તેઓ સોફ્ટવેર કંપનીના અધિકારી હોવાનું અને માત્ર ચેકિંગ જ કર્યું હોવાનું જાણવા મળતા કોલ કરનાર કૃણાલની પુછતાછ કરતાતેનો ભાઈ ઓફીસ માલિક વિદેશ હોય આ લોકો ચેક કરતા હોય તે નહી ગમતા મિત્ર મૌલિકના ફોનમાંથી ખોટી વિગતો જાહેર કરી પોલીસને ગેરમાર્ગે દોર્યાનું જાણવા મળતા કૃણાલ અને મૌલિક વિરુદ્ધ એનસી ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# રતનપર મહેશ્વરી વૃધ્ધા આશ્રમમાં ૧૮૧ની ટીમે મહિલા દિવસની ઉજવણી કરી






૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે રતનપર મહેશ્વરી વૃધ્ધા આશ્રમ રાજકોટ ખાતે વૃધ્ધા આશ્રમમાં રહેતા વડીલો સાથે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમ બી ડિવિઝન પોલીસની ટીમ મહિલા કાઉન્સીલર મહિલા કોન્સ્ટેબલ તથા રાજકોટ શહેર પોલીસ વિભાગની સી ટીમ ઉત્તર ઝોન દવારા રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# જસદણના વેપારીને હનીટ્રેપમાં ફસાવી ત્રણ લાખ ખંખેરનાર રાજકોટની બે મહિલા સહિત સાત ઝડપાયા

## મહિલાઓએ વેપારીને મસાજ કરવા મેસેજ ર્ક્યા બાદ અવાવરૂ જગ્યાએ બોલાવી બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી ખંડણી માંગીઃગણતરીની કલાકોમાંજ રૂરલ એલસીબીની ટીમે ભેદ ઉકેલી નાખ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણમાં રહેતા વેપારીને બે મહિલાએ ફોન પર મસાજ બાબતે મેસેજ ર્ક્યા બાદ અવાવરૂ જગ્યાએ બોલાવી અન્ય પાંચ શખ્સોની મદદથી હનીટ્રેપ ફસાવી બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી ત્રણ લાખ ખંખેરી લેતા જસદણ પોલીસમાં વેપારીએ ફરિયાદ નોંધાવ્યા બાદ રૂરલ એલસીબીની ટીમે ગણતરીની કલાકોમાંજ રાજકોટની બે મહિલા સહિત સાત શખ્સોની ધરપકડ કરી રૂ.૫.૬૫ લાખનો મુદામાલ કબ્જે ર્ક્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જસદણમાં આવેલ ચિત્તલીયા કુવા રોડ પર આધ્યાશક્તિનગરમાં રહેતો અને જસદણમાં કમિશન એજન્ટ તરીકે વેપાર કરતો કલ્પેશભાઈ જેન્તીભાઈ કાનાણી નામના વેપારીએ જસદણ પોલીસમાં બે મહિલા સહિત સાત શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, રાજકોટની બે મહિલાઓએ વેપારીને ફોનમાં મેસેજ કરી મસાજના બહાને મળવા બોલાવી અવાવરૂ જગ્યાએ લઈ ગયા બાદ પાછળથી અન્ય ચાર માણસો આવી વેપારીને મારમારી મહિલા પર બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી રૂ.૫ લાખની ખંડણી માંગ્યા બાદ ત્રણ લાખ બળજબરીથી પડાવી લઈ હનીટ્રેપમાં ફસાવ્યાની ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રૂરલ એલસીબીની ટીમના પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી.ગોહિલ તથા ડી.જી.બડવા અને ટીમના માણસો દવારા અલગ અલગ ટીમો બનાવી વેપારીને હનીટ્રેપમાં ફસાવનાર રાજકોટની બે મહિલાઓ તથા જસદણના મફતિયાપરામાં રહેતો જયપાલ જગદિશ આલ, રાજકોટના માંડા ડુંગર પાસે સદગુરુ સોસાયટીમાં રહેતો અતુલ વલ્લભ સદાડીયા, બોટાદના વાકરીયાનો કિસ્મત કારુ ધાંધલ જસદણનો અશોક મોતી આલ અને રાજકોટના કોઠારિયા સોલવન્ટ પાસે ત્રણમાળીયા ક્વાર્ટરમાં રહતો મહિપતસિંહ ભૂપતસિંહ ગોહિલ સહિત સાત શખ્સોને ગણતરીની કલાકોમાંજ દબોચી લઈ રોકડા રૂ.૨.૩૦ લાખ, સાત મોબાઈલ અને કાર સહિત કુલ રૂ.૫.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.